ગાંધીનગર સમાચાર
તા. ૬-૪-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

સ્વાગતમ્ લાલજી !

દેશના સૌથી મોટા ગજાના નેતા અને ભાજપના ભીષ્મપિતામહ ગાંધીનગરની બેઠક પરથી સાતમી વાર સંસદની ચૂંટણી લડી રહ્યા છે તે પાટનગર માટે ગૌરવની ઘટના છે. આ બેઠક પરથી અગાઉ શંકરસિંહ વાઘેલા, વિજય પટેલ અને ખુદ પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયી ઉપરાંત પુરુષોત્તમ ગણેશ માવળંકર જેવા મેધાવી જનપ્રતિનિધિ ચૂંટાયેલા છે તો વળી કયારેક અમ્રિત પટેલ જેવા અજાણ્યા ઉમેદવારને પણ આ જ સંસદીય ક્ષેત્રના મતદારોએ માવળંકર સામે જિતાડી બતાવ્યા છે! પરંતુ અડવાણીએ જયારથી આ બેઠક પર ઉમેદવારી નોંધાવવા માંડી છે ત્યારથી જાણે આ એમના માટેની અનામત બેઠક જ બની ગઈ છે. ગુજરાતને અડવાણીજી સ્વાભાવિક રીતે જ પોતાનું વતન સમજે છે. દેશના વિભાજન પછી એમનો સંપન્ન પરિવાર સરહદ ઓળંગીને આદિપુર (કચ્છ)માં સ્થાયી થયો હતો. અડવાણી એક વિચક્ષણ રાજપુરુષ ઉપરાંત મેધાવી પત્રકાર અને ઉમદા કુટુંબવત્સલ વડીલ તરીકેની છાપ પણ ધરાવે છે. સૈદ્ધાંતિક મતભેદો હોઈ શકે પરંતુ અંગત રીતે એમને કોંગ્રેસના નહેરુ-ગાંધી પરિવાર તરફથી પણ સમ્માન સાંપડતું રહ્યું છે. કટોકટી પછી જનતા પાર્ટીની રચનામાં જયપ્રકાશ નારાયણના માર્ગદર્શન હેઠળ એમણે સંસ્થા કોંગ્રેસ અને લોકદળ સાથે જનસંઘ વિસર્જન કરી કોંગ્રેસ સામે એક જબરદસ્ત પડકાર ઊભો કભો કર્યો હતો. દેશની પહેલી બિનકોંગ્રેસી સરકારમાં વડાપ્રધાન મોરારજી દેસાઈના નેતૃત્વમાં લાલકૃષ્ણ અડવાણીએ માહિતી અને પ્રસારણ ખાતાનો હવાલો સંભાળ્યો હતો. તત્કાલીન વરિષ્ઠ રાજકીય વિશ્લેષક જનાર્દન ઠાકુરે એમના જાણીતા ગ્રંથ 'ઑલ ધ જનતામૅન'માં અડવાણીનું ભવિષ્ય ઘણું ઊજળું હોવાની ભવિષ્યવાણી કરી હતી. એમણે મોરારજી દેસાઈના પ્રધાનમંડળના સૌથી વિચક્ષણ મંત્રી તરીકે એમને બિરદાવ્યા હતા. અડવાણીજીએ આ આગાહી મહદંશે સાચી ઠેરવી બતાવી છે. જયારે રાષ્ટ્રીય સ્વયંસેવકના સભ્યપદ તથા હિંદુત્વના મુદ્દે મતભેદ ઊભા થયા ત્યારે એમણે જ જનતા પાર્ટીમાંથી નીકળી જઈ ભારતીય જનતા પાર્ટીની સ્થાપનાની પહેલ કરી હતી. એમણે જ સોમનાથથી અયોધ્યા સુધી રામજન્મભૂમિની જગ્યાએ ભવ્ય મંદિર બાંધવાની હાકલ કરીને વાજપેયીની ઈચ્છા વિરુદ્ધ રથયાત્રા કાઢી હતી. ભાજપનું મૂળ કાઠું સચવાઈ રહ્યું તે અડવાણીની વિચક્ષણ પહેલને કારણે. પાર્ટીને બે બેઠકોમાંથી આજની સ્થિતિ સુધી પહોંચાડવામાં સૌથી મોટો ફાળો લાલકૃષ્ણ અડવાણીનો જ રહ્યો છે. આમ પાર્ટીની પાછળ લોખંડી દીવાલ બનીને ઊભા હોવા છતાં એમણે અટલ બિહારી વાજપેયીની વરિષ્ઠતા અને લોકપ્રિયતા જોઈ પોતે સેકન્ડ-ઈન-કમાન્ડ રહેવાનું સ્વીકાર્યું હતું તે જગજાહેર છે. એમને વાજપેયીએ ગૃહમંત્રી ઉપરાંત નાયબ વડાપ્રધાન પદે સ્થાપ્યા. પરંતુ વડાપ્રધાન બનવાની એમની ઈચ્છા મનની મનમાં જ રહી ગઈ. એમને ભાવિ વડાપ્રધાન તરીકે આગળ ધરીને ચૂંટણી લડાઈ એમાં સફળતા ન સાંપડી અને એ પછી પાકિસ્તાન જઈ મહંમદ અલી ઝીણાની મજાર પર ચાદર ચડાવી આવ્યા ત્યારથી તેઓ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની નજરમાં હેઠા ઊતરી ગયા. અડવાણી વર્તમાન મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના ગૉડફાધર રહ્યા છે. સંજોગો બદલાતાં બેઉ નેતાઓ વચ્ચેનું અંતર વધ્યું પણ હશે, છતાં છેલ્લે ઘીના ઠામમાં ઘી પડી રહે છે તે અડવાણીની ખાનદાની છે. અડવાણીએ કયારેક અટલજીના નામે ત્યાગ કર્યો હતો એમ આ વખતે પોતાની જ રહેમનજર હેઠળ પાંગરેલા શિષ્ય સામે નમતું જોખ્યું છે. 'પુત્રાત્ શિષ્યાત પરાજયમ્' એ ભારતીય જીવનશૈલીની માન્ય પ્રણાલી છે! મોદીએ એમને ભોપાલનો આગ્રહ છોડી ગાંધીનગરની જ બેઠક પર ચૂંટણી લડવા સંમત કર્યા, તે સારું જ થયું. અડવાણીજી રાષ્ટ્રીય નેતા હોવાને કારણે સંસદીય વિસ્તાર પર પૂરતું ધ્યાન નહીં આપી શકતા હોવા છતાં પ્રજા એમને જ ચૂંટતી રહી છે. આ વખતે પણ કોંગ્રેસ કે 'આપ' પાર્ટી એમની સામે એમના બરનો તો ઠીક, પણ થોડોક પણ શોભે એવો ઉમેદવાર ઉતારી શકી નથી તે શું સૂચક નથી? અડવાણીજીને ગાંધીનગર મતવિસ્તાર અને શહેરના મતદાતાઓ તરફથી હાર્દિક શુભકામનાઓ!

સમસ્ત બ્રાહ્મણ ઉત્કર્ષ સેવા ટ્રસ્ટ ચાણક્ય એવોર્ડ આપશે

ગાંધીનગર, તા. ૫

શ્રી ચાણક્ય સમસ્ત બ્રાહ્મણ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા બ્રહ્મસમાજમાં સેવા આપેલ મહાનુભાવોનું ચાણક્ય એવોર્ડથી સન્માનીત કરવાનો કાર્યક્રમો યોજાશે. વિશ્વ વિખ્યાત અને કિડની હોસ્પિટલ અમદાવાદના નિયામક ડૉ. એચ.એલ. ત્રિવેદી ઉપસ્થિત રહેશે.

બ્રાહ્મણ ઉત્કર્ષ સેવા ટ્રસ્ટ સંસ્થા વર્ષ ૨૦૦૯ થી બ્રાહ્મણ સમાજના ઉત્કર્ષ માટે કાર્ય કરી રહી છે ત્યારે સંસ્થા દ્વારા બ્રાહ્મણ સમાજને નિસ્વાર્થ ભાવે સેવા આપનાર સમાજના વ્યક્તિઓનું ચાણક્ય એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવશે. તા. ૧૩ એપ્રિલ રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે મા શારદા લક્ષ્મી ઓડિટોરીયમ કિડની હોસ્પિટલ અસારવા ખાતે યોજવામાં આવશે.

સંસ્થા દ્વારા આગામી દિવસોમાં બ્રહ્મભુવનનું નિર્માણ કરવામાં આવશે. એશિયાની મોટામા મોટી સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓના સગા-સબંધીઓની રહેવા તેમજ જમવાની સગવડ આપી શકાય. તેમજ અમદાવાદમાં વસતા જરૂરીયાતવાળા ૩૧૦ કુટુંબોને દર ત્રણ મહિને અનાજ આપવાનું ભગીરથ સેવાકીય કાર્ય કરવામાં આવે છે.

બ્રહ્મસમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓ માટે સંસ્થા દર વર્ષે ૨૬મી જાન્યુઆરીના રોજ નિઃશુલ્ક જીવનસાથી પસંદગી સંમેલન યોજવામાં આવે છે. આ પસંદગી સંમેલનમાં સમાજના ૫૦૦ થી ૭૦૦ લગ્નોત્સુક યુવક યુવતિઓ ભાગ લે છે. આ સાથે સમાજ દ્વારા વિધવા બહેનો માટે પણ પસંદગી સંમેલનો યોજવામાં આવે છે.

ચૌધરી કોલેજ ખાતે એમબીએ અને એમસીએની વિદ્યાર્થીનીઓ માટે પ્રયોશા મહિલા વિકાસ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 'વેકેશનના સમયનો સદઉપયોગ કરો' વિષય અંતર્ગત એક સેમિનાર યોજાઈ ગયો. જેમાં તજજ્ઞ તરીકે શ્રી પરેશ ભટ્ટ, ભરતભાઈ વાઘેલા, નીતીનભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ચૌધરી કોલેજનાં સુરેશ પટેલ તેમજ પ્રયોશાનાં પ્રમુખ લક્ષ્મીબેન જોષી અને વિષ્ણુભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતાં.
(તસવીર : કશ્યપ નિમાવત)

હરિની દૃષ્ટિ...

જાવ કલ્યાણ થઇ જશે તમારું ગુરુજી...!! ચૂંટણી પહેલા મારા આશીર્વાદ લેવા આવ્યા તે સારું થયું...!!

આજે અમદાવાદમાં હૃદયની વાત શબ્દ સંગાથ મુશાયરો યોજાશે

અમદાવાદ, તા. ૫

શહેરના યુવા દિલોને સ્પર્શ કરતો 'હૃદયની વાત શબ્દ સંગાથ' દ્વારા મુશાયરો-૩ કાર્યક્રમ ઓરીએન્ટલ કલબ ગુજરાત કોલેજ પાસે અમદાવાદ ખાતે યોજવામાં આવશે.

ચિનુભાઈ મોદી અને અજીતભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં તા. ૬ એપ્રિલ, રવિવારના રોજ કાર્યક્રમ યોજાશે. જેમાં વેબસાઈટ વિમોચન, પુસ્તક વિમોચન, ઈ-બુક વિમોચન, એન્ડ્રોઈડ એપ્લિકેશન વિમોચન અને પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. મુસાયરો-૩માં ગુજરાતના ખ્યાતિ મેળવેલ દિપક વાલેરા, આરતી ભાડેશીયા, કૌશલ સુથાર, મિતુલ મિસ્ત્રી, રઝિયા મિર્ઝા જેવા કલાકારો કાવ્યપઠન કરશે. તેમજ પરેશ શાહ, રેખા જોષી, સાકેત દવે, જિગર ઠક્કર, સ્મિતા શાહ, શિલ્પા સોની દ્વારા રચાયેલા પુસ્તકોનું વિમોચન કરવામાં આવશે.

ચિલોડા ખાતે કોંગ્રેસના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરાયું

બેઠકના ઉમેદવાર હિંમતસિંહ પટેલ અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જશુભા રાણા સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસી આગેવાનો અને કાર્યકરો ઉમટી પડ્યા

ચિલોડા, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં ચિલોડા ખાતે જિલ્લાના કોંગ્રેસી આગેવાનો સાથે લગભગ ચિલોડા ગામના આગેવાન યાકુબભાઈ મનસુરીએ સર્વે કાર્યકરો પ્રજાના પ્રશ્નોનો ઝડપી નિરાકરણ લાવવા કટીબદ્ધતા બનાવી જંગી વાઘેલા, બાબુજી ઠાકોર, અશ્વિન બારોટ વગેરેએ કાર્યકરોને સંબોધ્યા

લોકસભાની ચૂંટણીઓના પડઘમ જોરશોરથી વાગી રહ્યા છે. લોકસભાની અમદાવાદ પૂર્વની બેઠકના વિસ્તારમાં આવતા ચિલોડા ખાતે કોંગ્રેસ દ્વારા ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન આજે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદના પૂર્વ મેયર અને આ બેઠકના ઉમેદવાર હિંમતસિંહ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. એક હજાર કાર્યકરોની ઉપસ્થિતિમાં અમદાવાદ પૂર્વ બેઠકના ઉમેદવાર અને અમદાવાદના પૂર્વ મેયર હિંમતસિંહ પટેલે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ કોંગ્રેસના જિલ્લા પ્રમુખ જશુભા રાણાના હસ્તે રીબિન કાપી કોંગ્રેસના મધ્યસ્થ કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો હતો. અને મહેમાનોનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું.

આ કાર્યક્રમમાં કોંગ્રેસના ઉમેદવાર હિંમતસિંહ પટેલે પોતે સ્થાનિક ઉમેદવાર હોવાની સાથે ૨૦ વર્ષથી કોર્પોરેશનમાં રહી પ્રજાની સમસ્યાઓ ઉકેલવામાં કાર્યરત રહ્યા હોવાનો દાવો કર્યો હતો. તેમણે સેવાકીય નિષ્ઠાથી મતથી જીતાડવા હાંકલ કરી હતી. તેમણે કાર્યકરો અને જિલ્લાના હોદ્દેદારોનો સહકાર મળી રહેશે તેવો આશાવાદ રજુ કર્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ ડૉ. સી.જે. ચાવડા, જશુભા રાણા, ડૉ. હિમાંશુ પટેલ, ધુળાજી ઠાકોર, જુગાજી ઠાકોર, હીનાબેન પટેલ, મીનાબેન હતા. આ પ્રસંગે જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાના કોંગ્રેસ સદસ્યો અને ૨૦૦ થી વધુ મહિલા કાર્યકરો સહિત મોટી સંખ્યામાં કાર્યકરોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અરવિંદસિંહ સોલંકીએ કર્યુ હતુ અને મહોબતસિંહ ઠાકોરે આભાર દર્શન કર્યુ હતું.

ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટયુટે ૧૦મું સ્થાન મેળવ્યું

ગાંધીનગર, તા.૫

અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટયુટ સેકટર-૭ એ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ડિસેમ્બર-૧૩માં એમ.બી.એ.ની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ગુજરાતની ૯૫ કોલેજમાંથી ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટયુટે ૧૦મું સ્થાન મેળવ્યું છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઈસ કહાની મેં ડ્રામા હૈ... એકશન હૈ... મસ્તી હૈ... મનોરંજન હૈ...!!!



રજળપાટ

અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

'આઈ.પી.એલ.ની મેચોએ ભારતીય ક્રિકેટને બદનામી સિવાય કઈ જનથી આપ્યું.' આ શબ્દો છે શ્રીલંકાને વિશ્વકપ અપાવનાર કપ્તાન રણતુંગાના એક ક્રિકેટરના ચશ્માં પહેરીને આ વાક્ય વાંચીએ તો સમજાય જાય કે અર્જુના ના આ વિધાનને સાચી ઠેરવતી ઘટનાઓ દર વર્ષે આઈ.પી.એલ.માં બનતી જ રહી છે. બીસીસીઆઈને અઢળક કમાણી અને બહોળી બદનામી કરાવી આપતી આ ક્રિકેટ પ્રીમિયર લીગ પર લાગેલો સૌથી સંગીતન આરોપ છે. મેચ ફીક્ષિંગનો અને તાલ જુઓ કે ભારતમાં યોજાઈ રહેલી ચૂંટણીઓને લીધે આઈપીએલ-૨૦૧૪ની શરૂઆતની મેચો ખસેડાઈ છે યુએઈમાં ૧૬મી એપ્રિલથી શરૂ થનારી આ સ્પર્ધાના ૨૦ મેચો ૩૦ એપ્રિલ સુધી રમાશે અબુધાબી, શારજાહ અને દુબઈના મેદાનો પર. આ એ જ શારજાહનું ગ્રાઉન્ડ છે જ્યાં એક જમાનામાં વિશ્વની ટોચની ટીમો વચ્ચે વન-ડે ટુર્નામેન્ટો નિયમિત પણ ગોઠવાતી. ગોઠવાતી શબ્દ જાણી જોઈને એટલા માટે લખ્યો છે કે, ૧૯૮૪થી ૨૦૦૩ વચ્ચે આ ગ્રાઉન્ડ પર રમાયેલી લગભગ ૨૦૦ જેવી વન-ડે મેચોમાંથી ઘણીબધી મેચો ફિક્સ હોવાની ગંધ આઈસીસીની એન્ટી ફીક્ષિંગ યુનીટને આવી ગયેલી. ભારત અને પાકિસ્તાનના જુના અને નવા ક્રિકેટરોને આર્થિક મદદ કરી શકવાના શુભ હેતુથી અબ્દુલ રહેમાન બુખાતીર દ્વારા શરૂ કરાયેલ આ મેચો પર ધીરે ધીરે બુકીઓ, અન્ડવર્લ્ડ અને ખેલાડીઓના કાળા કરતુતોથી નામોશી છવાઈ ગઈ. પરિમાણે શારજાહના મેદાન પર રમવાનો જગતની લગભગ બધી જ ટીમોએ ઈનકાર કરી દીધો. એમાં એક ટીમ ભારતની પણ હતી. અઝહરુદ્દીન અને ક્રોનીયેને સંડોવતા ક્રિકેટ સ્કેન્ડલ પછી ૨૦૦૧થી આપણે શારજાહમાં રમવા પર પ્રતિબંધ મુકેલો છે. પણ ૨૦૧૪માં સિનારિયો અલગ છે. પૈસના સ્વર્ગમાં આળોટતા બીસીસીઆઈના બેશરમી અને નાક વગરના સત્તાધીશોનો નજારો જુવો કે એ જ પ્રતિબંધિત સ્થળ પર હવે આઈપીએલની મેચો બિન્દાસ્ત રમાશે. આ તો મોસાળે જમણ અને માં પીરસનારી જેવો ઘાટ થયો. ફીક્ષિંગના સ્વર્ગ ગણાતા શારજાહમાં જ બિન્દાસ સ્પોટ ફીક્ષિંગ માટે પ્રખ્યાત કે કુખ્યાત થયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગની મેચો રમાશે. હે ભગવાન ઉઠા લે...!!

આ તો બલાડીને દૂધ રખોપા કરવા રાખીએ એના જેવું થયું. એ જોવાનું રસપ્રદ રહેશે કે મેચ ફીક્ષિંગના સજ્જડ અને ચોક્કસ પુરાવાઓ સાથેના આરોપોનો સામનો કરી રહેલ આઈપીએલ આયોજકો આ સાતમી સીઝન કોઈ વિવાદ વગર પાર પડી શકે છે નહીં. કહાનીમાં પાછી એક નવી ટ્વીસ્ટ આવી છે અને એ છે સુનીલ ગાવસ્કરની બીસીસીઆઈના વચગાળાના પ્રમુખ તરીકેનીનિમણૂક. બીસીસીઆઈ અને આઈપીએલ ગાવસ્કરનું મુઠી ઉંચેરું સ્થાન છે જ એમાં કોઈ બેમત નથી જ પણ સાથે સાથે એ વાત પણ નોંધનીય છે કે લગભગ ૧૯૯૪થી આઈસીસી અને બીસીસીઆઈમાં જુદા જુદા હોદ્દા સંભાળતા શ્રીમાન સુનીલ ગાવસ્કરે આટઆટલા ક્રિકેટિંગ કૌભાંડો બહાર આવ્યા ત્યારે પણ એક અંદરના વ્યક્તિ તરીકે પોતાની સ્પષ્ટ રાય કયારેય રજૂ કરી નથી જ. જ વિન્દુ કે સાક્ષી ધઓનીના વર્તન કે મેચના પરિણામોમાં ઈન્વોલ્વમેન્ટ જેવી બાબતોમાં પણ સન્નીએ કોઈ ટીપ્પણી કરી નથી. ઈનફેકટ ગાવસ્કરને જેટલા પણ કરાર કોમેન્ટ્રીના મળેલા છે એમાં બીસીસીઆઈ ચીફ તરીકે શ્રીનિવાસનનો જ ફાળો છે. હકીકત એ છે કે ફીક્ષિંગના આરોપોની તપાસ કરવા બીસીસીઆઈએ બનાવેલી કમિટી એ સબ સલામત હૈ એવું કહીને ભીનું સંકેલવાની કોશિશ કરેલી ત્યારે પણ આ જ ગાવસ્કરે કમિટીની પ્રક્રિયા યોગ્ય છે એવું ખુલ્લેઆમ કહેલું જ. હવે જોવાનું એ રહે છે કે આઈપીએલની આ સીઝનને સ્મુધ્લી ચલાવવાનો દાવો કરનાર સુનીલ પોતાના પ્રયાસોમાં કેટલો સફળ રહે છે. જો કે સન્ની ગમે એટલો કાબેલ, હોશિયાર કે જીનીયસ હોય તો પણ આઈપીએલ અને બીસીસીઆઈનો આ તાયફો એટલો અટપટો અને ચારેકોરથી પૈસાના મહેલ વચ્ચે કેદ થયેલો છે કે એમાંથી સાંગોપાંગ અને સોસરવું પાર ઉતરવું એ ઘાસની ગંજીમાંથી સોઈ શોધવા જેવું ભગીરથ કામ છે. ગાવસ્કરની વહીવટકર્તા તરીકેની કાબેલિયત પર પણ શંકા જ છે કેમ કે એને એવો કોઈ વહીવટ અનુભવ નથી જ અને છતાં પણ આ ફેન્ટસી ક્રિકેટના પિતામહશ્રી લલિત મોદીથી લઈને બિન્દાસ રીતે વહીવટ ચલાવતા શ્રીનિવાસન સુધીના દરેકે દરેક લોકોનું આઈપીએલના નામે ક્રિકેટને નુકશાન કરવામાં નોંધનીય યોગદાન રહેલું છે. અને નઝર અંદાઝ કરીને કે બોર્ડને પોતાના પરની મહેરબાનીયા ને સન્ની કેવી રીતે અવગણી શકશે એ સો મણનો સવાલ છે.

પણ થાય શું? આ કહાની જ એવી છે... સલીમ-જાવેદની કલમે લખાયેલી સુપરહિટ સ્ટોરી કે અબ્બાસ મસ્તાન દ્વારા નિર્દેશિત થયેલી રુવાડા ઉભા કરી દેતી સસ્પેન્શ ફિલ્મો કરતાં પણ આ કહાનીમાં વધુ વળાંક છે.. સંવાદો છે.. સસ્પેન્સ છે... ડ્રામા છે.. અને આફટર ઓલ ફૂલ ટુ ફીનીશ મનોરંજન છે. યસ, યાદ છે ને આઈપીએલની પેલી જાહેરાત કે મેરે મનો-રંજન આયેંગે.. બસ બિલકુલ એવું જ.. આમાં છે ફૂલ ધમાલ... મસ્તી... મનોરંજન.. અને થોડું ક્રિકેટ પણ. ઉપરના બે પેરેગ્રાફનું મનોરંજન માંગતા લોકો મટે કોઈ જ મહત્વનું નથી. એમને તો બસ મેદાનમાં કે ટીવીના પડદે માણવી છે ૮૬ કે ૧૧૨ મીટર લાંબી સિકસરો.. ચોક્કાની બટાઝટી.. દેશ વિદેશના બેહતરીન ખેલાડીઓની આતિશી બલ્લેબાઝી.. ચીયર લીડરોની લચકતી કમરો.. અને નાં જાણે કેટકેટલું... હેલીકોપ્ટરમાં મેદાન પર કોઈ હીરોની અદાથી એન્ટ્રી મારતા લલિત મોદીથી લઈને શ્રીશંતના ગાલ પર પડેલો હરભજનનો તમાચો અને એ જ લલિત મોદીને ૨૦૧૦માં પૂઠ પાછળ પડેલી લાત.હજુ આજે પણ ૪-૪- વર્ષોથી દેશનિકાલ રહેલા લલિત મોદી લંડનમાં બેઠા બેઠા પોતાના આ ડ્રીમ પ્રોજેકટમાં પાછા એન્ટ્રી મારવાની પેરવીઓ કર્યા કરે છે. ખેલાડીઓની ખરીદીનો વિવાદ કે પછી ડ્રગ્સ.. શરાબ કે સુંદરીઓ વચ્ચે ઘેરાયેલા રહેતા ખેલાડીઓની રંગીન મિજાજીની દાસ્તાનો.. ઓસ્ટ્રેલિયન ક્રિકેટર દ્વારા કરાયેલી અમેરિકન યુવતીની છેડતી કે પછી ચીયર લીડર ગર્લ્સનું શારીરિક શોષણ. વાનખેડેમાં સુપર સ્ટાર અને આઈપીએલની જ એક ટીમના માલિક શાહરૂખ ખાનને નો એન્ટ્રી કે પછી ૧૩ કરોડમાં યુવરાજને ખરીદ્યા પછી કંગાળ માલ્યાએ કરી દીધેલા ઊંચા હાથ કે ખેલાડીઓ દ્વારા કાળા નાણાંમાં સ્વીકારાયેલી જંગી રકમો. આઈપીએલની એક પણ સીઝન એવી નહીં હોય કે દર્શકોને ચકરાવે ચડાવી દે. એવી કોઈ ઘટના નાં જ બની હોય. પોતાના નબળા સમયમાં જે શ્રીનિવાસને ધોનીનો હાથ પકડી રાખ્યો હોય એ શ્રીનિવાસનની ટીમનું ધોની નેતૃત્વ કરે જેવું સીલબંધ કવરમાં રહેલા કાગળમાં લખેલા સંભવિત કૌભાંડિયા ખેલાડીઓમાં ધોનીનું નામ હોવાનું ઉછળ્યું તો આ શુરવીરે કેપ્ટનશીપ ફગાવી દેવાનો પ્રસ્તાવ પણ મૂકી દીધો છે. ને બલિદાન વીર? જો કે ધઓની એકલો થોડો હોય શકે.. મુરુગ્ગન.. રાજ કુન્દ્ર જેવા નામો પણ સામેલ છે જ. પણ સરવાળે કઈ થાય એવું લાગતું નથી કેમકે આ એક એવી હમામ છે જેમાં સબ કે સબ નંગે હૈ...

અને પાછુ આ હમામમાં તો પરદા આગળ ભલે ને ધોની, મુરુગ્ગન કે કુન્દ્ર, શ્રીનિવાસન જેવા ચહેરાઓ હોય પણ પડદા પાછળ તો એનાથી પણ વધુ ખંધા અને શાતીર ચહેરાઓ છે અને એ છે રાજકારણીઓ. સદાય એકબીજા વિરુદ્ધ ગલીગલોચ કરતા રહેતા આપણા રાજકારણીઓ આ એક જ ચીજમાં. આ એક લીગ બાબતે એકમત અને એકસાથે છે. રાજકારણીઓની ક્રિકેટ કલબો પરની સત્તા ને પ્રતાપે એમનું બીસીસીઆઈના નિર્ણયોમાં ભારે વજન પડે છે. પોતાના મહોરાઓને યથાયોગ્ય સ્થાને ગોઠવીને આ લોકો પરદા પાછળથી દોરીસંચાર કર્યે જાય છે અને જો તાજેતરમાં બન્યો એવો શ્રીનિવાસન જેવો બનાવ બને તો આ જ લોકો પોતાના મહોરાઓને પોતાના પાવરની જોરે બચાવી લ્યે છે. અને બચાવી ના શકે તો શ્રીશાંત કે ચંદોલા જેવી નાની માછલીઓને જેલભેગા કરીને સાફસફાઈ કર્યાનો દેખાવ કરી શકે છે. પણ સ્પોન્સરો, સટોડિયાઓ અને ઓફીશીયલોની સાથે સાથે ખેલાડીઓના યારાના ને ઉની આંચ પણ ના આવવા દે કારણ કે આ શાનદાર યારાનાનું પાયાનું કારણ છે પૈસા.. મની..!! ના સમજાય તો વાંચો આ... બોલીવુડનું સરેરાશ ટર્નઓવર ૩૫૦૦ કરોડ રૂપિયાનું છે અને જીગર કો થામ કે પઢો કે ફકત ૬ જ અઠવાડિયા માટે રમાતી આઈપીએલનું ટર્નઓવર પણ લગભગ એટલું જ છે અને આ તો ઓફિશીયલ ફિગર છે આમાં સટ્ટાખોરી, હવાલા, કબાડા અને ટેબલ નીચેના રૂપિયાનો સમાવેશ નથી થતો.. દર સીઝનમાં અબજો રૂપિયા ક્રિકેટના મેદાન પર ઠલવાય છે આઈપીએલને કાંઈ અમથું તો ઈન્ડિયન પૈસા લીગ નહીં કહેવાતું હોય ને? પૈસાનો લીટરલી વરસાદ વરસે છે ૫ કે ૬ અઠવાડિયામાં અને આ રૂપિયાની કાળી ગંગોત્રીનું મૂળ નીકળે છે કેટલાય ખ્યાતનામ ક્રિકેટરો અને વહીવટદારો સુધી. એમાંય પાછું આ લીગને કયાં કોઈ કાયદા કાનુનની પડી છે ઈન ફેકટ એમ કહી શકાય કે કાનુન કે લંબે હાથ આ લોકો સુધી પહોંચી શકે એવી અત્યારે તો કોઈ શકયતા લાગતી નથી.

પણ સાત વાગે થાકયા પાકયા ઓફિસ કે કામ ધંધેથી આવેલા મનોરંજન પ્રેમી કે ક્રિકેટ પ્રેમી માણસને કયાં કરોડોના વહીવટમાં કયાં રસ હોય? એને તો રસ છે ૨૩ કે ૩૨ ઈંચના પર્દે આખોને ચકા ચોઉન્ધ કરતા અને દિમાગને ફ્રેશ કરી નાખતા સટાસટીના દશ્યોમાં. ૫૦ થી વધુ કેમેરાઓ કલરફૂલ કપડાઓ... લચકતી કમરો.. સીને સ્ટારોની ઝલકો.. ૩ કલાકમાં રોલર કોસ્ટરની રાઈડ જેવી મજા આપતી મેચો.. આ જ તો છે આ ટુર્નામેન્ટની મજા.. આ ગ્લેમર અને મનોરંજનનું એક એવું કેફી પીણું છે કે જેમ જેમ પીતા જાવ એમ એમ એની અસર દિલો દિમાગ પર છવાતી જાય.. આપણો દેશ ક્રિકેટ ધર્મી દેશ છે.. ક્રિકેટ એ જ ધર્મ છે.. પછી ભલેને એ ફેન્ટસી ક્રિકેટ કેમ નાં હોય. દર વર્ષે હવે આઈપીએલનું આ છેલ્લું જ વર્ષ હશે એવી ગુલબાંગ ફેકતાં વિરોધીઓને ઉતરોત્તર આઈપીએલનું શાનદાર અને ચળકાટીયું પ્રદર્શન તમાચો જિંકે છે. દર વખતે નવું નવું ગ્લેમર અને ઉતેજનાઓ ઉમેરાતી જાય છે. અને જ્યાં સુધી મેદાનમાં લોકો આવતા રહેશે.. ટીવી પર ૧૦ સેકન્ડની જાહેરાતોનો ભાવ ૨૦ કે ૨૫ લાખ મળતો રહેશે ત્યાં સુધી આ મનોરંજનના પિતાશ્રી યથાવત રહેશે જ.

આઈપીએલ એ સાચા ક્રિકેટની ઘોર ખોદી નાખી છે એવું કહેનારા લોકોની વાતમાં દમ તો છે જ પણ સાથે સાથે પણ ના ભૂલવું જોઈએ કે આ જ આઈપીએલના પ્રતાપે અનેક નાના નાના ક્રિકેટરોને પગભર થવાનો મોકો આપ્યો છે, આર્થિક ટેકો આપ્યો છે. અનેક એવા ખેલાડીઓ છે કે જે કદાચ આખી જિંદગી ક્રિકેટ રમત તો પણ કયારેય ૧ કરોડ તો શું પણ ૧૦ લાખ રૂપિયા પણ કમાઈ નાં શકત એવા નાના ક્રિકટરો આજે કરોડો કમાતા થઈ ગયા છે. કલબ લેવલે કે રાજય લેવલે રમતા કેટલાય નાના અને અનામી ક્રિકેટરોની જિંદગી ધરમૂળમાંથી બદલાઈ ગઈ છે સાથે સાથે બીજા ઘણા લોકોને પણ ઈકોનોમીકલી લાભ થયો છે. આ મનોરંજન છે જેને ક્રિકેટનું રૂપાળું મહોરું પહેરાવી દીધું છે. આ ક્રિકેટ નથી, નથી અને નથી જ. આમાં બધું છે ક્રિકેટ કે સિવા. આમાં જે મનોરંજન છે એ ક્રિકેટની કોઈપણ ફોરમેટની ગેમ કરતા અનેકગણું વધુ છે બાકી સટ્ટો કે ફીક્ષિંગ તો કયાં નથી? અને આ ગ્રેટેસ્ટ ક્રિકેટિંગ શો ને જોનારા અને માણનારા પણ આ બધી જ વાતથી દિવસે દિવસે વાકેફ થતા જાય છે. ૨૦૦૮માં જે ગંભીરતાથી આઈપીએલને લેવામાં આવેલું એ ગંભીરતા તો રમનાર કે જોનારા કોઈમાં પણ હવે નથી રહી. હવે વધ્યું છે તો પ્યોર મનોરંજન.. મેરા નામ જોકરમાં રાજકપૂર કહે છે એમ, 'યે સર્કસ હૈ.. સર્કસ તીન ઘંટે કા..' યસ આ સર્કસ જ છે.. મનોરંજનનું.. મજાનું.. આનંદનું...! મનોરંજનપ્રેમી અને ક્રિકેટક્રેઝી જનતા તરીકે આપણે તો એક જ આશા રાખી શકીએ કે ભલે ધીરે ધીરે પણ મક્કમતાથી ક્રિકેટના નામે શરૂ થયેલા આ ગળચટ્ટા કંસારને કડવા બનાવતા સટોડીયાઓ, ખેલાડીઓ કે ઓફીશયલોની હકાલપટ્ટી થાય અને પ્રેક્ષકો અને ચાહકોને ફરીથી શાનદાર અને મહદઅંશે સ્વચ્છ ક્રિકેટનું નિર્દોષ મનોરંજન માણવા મળે... કુછ જયાદા હો ગયા હૈ કે નહીં...? પણ હોપફૂલી ચાહકો જો આવો કોઈ એક દિવસ આવશે તો એ જ સાચું ક્રિકેટ હશે ને એ જ હશે સાચું મનોરંજન. ટીલ ધેન ઓવર ટુ અબુધાબી ફોર ફન્ટસી..!!!

વિસામો :

'ભારતીય ક્રિકેટ માટે ઈન્ડિયન પ્રીમિયર લીગ એ 'ડર્ટી પિકચરની હિરોઈન વિદ્યા બાલન' છે. - બિશનસિંહ બેદી